**ફો.કેસ નં.   ૬૪૦/૧૯૯૯  નાં કામે આંક– ૧ લગત હુકમ ::–**

આ અદાલતમાંથી આશરે ૧૨૬૦૦ ઉપરાંતના લેબરના કેસો સને ૨૦૧૮ના વર્ષ દરમ્યાન લેબર કોર્ટમા ટ્રાન્સફર કરેલ છે, જે તમામ કેસો લેબર કોર્ટમા સ્વીકારવામા આવેલ છે. જેની લીસ્ટ ફાઈલ કોર્ટ નં.૪ મા ઉપલબ્ધ છે. આ સિવાયના કેસોનુ ફીઝીકલ વેરીફીકેશન પણ કરવામા આવેલ છે. અમુક કેસોની કોમ્પ્યુટરમા માત્ર નંબરની જ એન્ટ્રી થયેલ છે. પરંતુ કોઈ પક્ષકારના નામ નથી. તે કેસ હકીકતમા કોર્ટમા અમારી સમક્ષ આજ દીન સુધી મુકાયેલ છે. જેથી આ અદાલતની પેન્ડન્સી ખોટી રીતે બતાવતી હોઈ આવા  કેસો ડીલીટ કરવા સબંધે નામદાર ચીફ મેટ્રો. મેજી. સાહેબશ્રી તરફ ઘણી સુચના આપેલ છે. આ અદાલતમા આવા  કોઈ જ કેસો હાલ ફીઝીકલ પેન્ડીંગ નથી. જેથી માત્ર ટેકનીકલ કારણસર અગર તો કોઈ પણ અન્ય કારણસર આવા કેસો માત્ર કોમ્પ્યુટરમા કોઈ પણ કારણસર પેન્ડીંગ બતાવતા હોઈ આવા કોઈ જ કેસો કોર્ટ નં.૪ મા ફીઝીકલી બાકી રહેલ ન હોઈ આ કેસો જુના હોઈ  આવા કોઈ જ કેસો હાલ કોર્ટ નં.૪ મા પેન્ડીંગ ન હોવાનો લેખિત ખુલાસો પણ સ્ટાફ તરફથી કરવામા આવેલ છે. જે હકીકત ધ્યાને લેતા જુના કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં. ૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં. ૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ અન્વયે હાલનો કેસ કોમ્પ્યુટરમાંથી ડીલીટ કરવા હુકમ કરવામા આવે છે. જો ભવિષ્યમા આવો કોઈ કેસ ફીઝીકલી મળી આવે તો પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી સમક્ષ કેસના નિકાલ માટે (ટ્રાન્સફર કરવા માટે) મુકવાની નોંધ આસી.સુપ્રિ.શ્રીએ તકેદારી રાખવાની રહેશે. આ હુકમની નકલ (રૂકો) આ કેસ જે માસમા ફૈંસલ કરવામા આવે તે માસના ફૈંસલાના પોટલામા રાખવાની રહેશે, તેમજ પત્ર વ્યવહારમાં પણ એક નકલ રાખવાની રહેશે. આ હુકમ સ્ટેનોએ જે તે કેસ નંબર મુજબ અપલોડ કરવાનો રહેશે.

આજ તારીખ  ૨૫ ઓકટોબર ૨૧ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | **એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)**<br>**અ મ દા વા દ.** |